Vidhyayana - ISSN 2454-8596

An International Multidisciplinary Peer-Reviewed E-Journal

www.j.vidhyayanaejournal.org

Indexed in: ROAD & Google Scholar

# દસમા ધોરણના વિદ્યાર્થીઓની સંસ્કૃત વિષયની શૈક્ષણિક સિદ્ધિ

**પીયુષ જી. મહેતા**

પીએચ. ડી.ના વિદ્યાર્થી

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સારાંશ**

**પ્રસ્તુત અભ્યાસમાં દસમા ધોરણના વિદ્યાર્થીઓની સંસ્કૃત વિષયની શૈક્ષણિક સિદ્ધિ માપવામાં આવી હતી. આ માટે શિક્ષક રચિત કસોટીનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઉપકરણની મદદથી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સંબંધિત માહિતી મેળવવામાં આવી હતી. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સાથે સંબંધિત જાતીયતા ચલની શૈક્ષણિક સિદ્ધિ પર અસર તપાસવામાં આવી હતી. શૈક્ષણિક સિદ્ધિ પર જાતીયતા ચલની અસર જાણવા માટે અંકશાસ્ત્રીય પદ્ધતિ ટી–કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત અભ્યાસના તારણો આ મુજબ હતું : દસમા ધોરણના વિદ્યાર્થીઓની સંસ્કૃત વિષયની શૈક્ષણિક સિદ્ધિ પર જાતીયતાની અસર જોવા મળી હતી એટલે કે શૈક્ષણિક સિદ્ધિની બાબતમાં સમાન ન હતા.**

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# દસમા ધોરણના વિદ્યાર્થીઓની સંસ્કૃત વિષયની શૈક્ષણિક સિદ્ધિ

## ૧.૦ પ્રસ્તાવના

શૈક્ષણિક સમસ્યાનું નિરાકરણ ખૂબ જ મંદગતિએ અને ધીમું થતું હોવાથી અને વિદ્યાર્થીને પોતાની ક્ષમતાનો ખ્યાલ હોતો નથી. શિક્ષણ એ સમાજનું પાયાનું અંગ છે. માવીનાં જીવનમાં શિક્ષણનું અનેરું મહત્ત્વ છે. શાળામાં ઔપચારિક શિક્ષણ અપાય છે, પરંતુ ત્યારબાદ વર્ષના અંતે તેની ચકાસણી થાય છે અને નબળા એકમ વિદ્યાર્થીને ફરીથી શીખવવાનો મોકો પ્રાપ્ત થતો નથી કે પ્રયાસ થતો નથી. આ માટે સંસ્કૃત વિષયમાં દસમા ધોરણના વિદ્યાર્થીઓ કેટલી સિદ્ધિ ધરાવે છે તે ચકાસવાના અહીંયા નાનકડા પ્રયાસના ભાગરૂપે સંશોધનકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

## ૨.૦ અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે હતા.

૧. શિક્ષક રચિત કસોટીની રચના કરવી.

૨. દસમા ધોરણના વિદ્યાર્થીઓની સંસ્કૃત વિષયની શૈક્ષણિક સિદ્ધિ જાણવી.

૩. દસમા ધોરણના વિદ્યાર્થીઓની સંસ્કૃત વિષયની શૈક્ષણિક સિદ્ધિ પર જાતીયતાની અસર તપાસવી.

## ૩.૦ અભ્યાસની ઉત્કલ્પના

સંશોધકે આ મુજબની શૂન્ય ઉત્કલ્પના રચી હતી.

૧. દસમા ધોરણના કુમારો અને કન્યાઓ સંસ્કૃત વિષયની શૈક્ષણિક સિદ્ધિના મળેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## ૪.૦ ચલ

પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે જાતીયતા હતી. જેની કક્ષાઓ (૧) કુમારો અને (૨) કન્યાઓ.

પ્રસ્તુત અભ્યાસમાં પરતંત્ર ચલ તરીકે શૈક્ષણિક સિદ્ધિ હતી.

પ્રસ્તુત અભ્યાસમાં અંકુશિત ચલ તરીકે ગુજરાતી માધ્યમ અને દસમા ધોરણને પસંદ કર્યા હતા.

## ૫.૦ વ્યાવહારિક વ્યાખ્યા

પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ અગત્યના શબ્દોની વ્યવહારુ વ્યાખ્યાઓ આ પ્રમાણે હતી.

**શૈક્ષણિક સિદ્ધિ.** દસમા ધોરણના સંસ્કૃત વિષયના સમગ્ર અભ્યાસક્રમ પર રચવામાં આવેલ શિક્ષક રચિત કસોટીમાં વિદ્યાર્થીઓએ મેળવેલ પ્રાપ્તાંકોને શૈક્ષણિક સિદ્ધિ તરીકે દર્શાવવામાં આવ્યા હતા.

## ૬.૦ સંશોધનનું ક્ષેત્ર

પ્રસ્તુત સંશોધનનું ભાષા શિક્ષણ હતું.

## ૭.૦ સંશોધનનો પ્રકાર

પ્રસ્તુત સંશોધન વ્યવહારિક સંશોધન તથા સંખ્યાત્મક પ્રકારનું હતું.

## ૮.૦ વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે રાજકોટ શહેરની ગુજરાતી માધ્યમમાં દસમા ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ૯.૦ નમૂના પસંદગી

રાજકોટ શહેરમાંથી સહેતુક નમૂના પસંદગી દ્વારા ત્રણ શાળાના વિદ્યાર્થીઓનો નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો.

## ૧૦.૦ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન વર્તનાત્મક પદ્ધતિ અંતર્ગત સર્વેક્ષણ પ્રકારનું હતું.

## ૧૧.૦ ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં સંસ્કૃત વિષયની શૈક્ષણિક સિદ્ધિના માપન માટે સંશોધકે શિક્ષક રચિત કસોટીનો ઉપકરણ તરીકે ઉપયોગ કર્યો હતો.

### ૧૨.૦ માહિતી એકત્રીકરણ

કોઈપણ સંશોધનમાં અગત્યનું કામ માહિતીનું એકત્રીકરણનું હોય છે.

પ્રસ્તુત સંશોધનમાં શિક્ષક રચિત સંસ્કૃત વિષયની સિદ્ધિ કસોટી દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

### ૧૩.૦ માહિતીના પૃથક્કરણની રીત

પ્રસ્તુત સંશોધનમાં શિક્ષક રચિત કસોટીનો ઉપયોગ કર્યો હતો. તેમાં વિદ્યાર્થીઓએ નક્કી કરેલ જવાબોનું ગુણાંકન કરવામાં આવ્યું હતું. નમૂનાના પાત્રોએ ઉપકરણ પર મેળવેલ પ્રાપ્તાંકોને વર્ગીકૃત કરવામાં આવ્યા હતા. સંશોધકે રચેલ ઉત્કલ્પનાઓ મુજબ ગણતરી કરવા માટે ટી–ગુણોત્તર અંકશાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### ૧૪.૦ માહિતીનું પૃથક્કરણ

દસમા ધોરણના કુમારો અને કન્યાઓની સંસ્કૃત વિષયની શૈક્ષણિક સિદ્ધિના મળેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

જેમાં કુમારો અને કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ પરના પ્રાપ્તાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ટી–કસોટી વડે ચકાસવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણીમાં દર્શાવેલ હતા. સારણીમાં બંને જૂથોની સંખ્યા, સરાસરી, પ્રમાણવિચલન અને ટી–ગુણોત્તરનું મૂલ્ય દર્શાવવામાં આવ્યું હતું.

**સારણી**

**જાતીયતા અનુસાર વિદ્યાર્થીઓની સંખ્યા, સરાસરી, પ્રમાણવિચલન અને ટી–મૂલ્ય**

| ક્રમ | જાતીયતા | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧ | કન્યાઓ | ૧૬૨ | ૫૫.૪૩ | ૧૬.૭૫ | ૨.૫૨ | સાર્થક તફાવત છે |
| ૨ | કુમારો | ૧૪૧ | ૫૦.૬૩ | ૧૬.૨૨ | | |

સારણીના આધારે જોઈ શકાય છે કે દસમા ધોરણના કુમારોની સંખ્યા ૧૪૧ હતી અને તેઓના પ્રાપ્તાંકોનીસરાસરી અને પ્રમાણવિચલન અનુક્રમે ૫૦.૬૩ અને ૧૬.૨૨ મળ્યા હતા. જ્યારે દસમા ધોરણની

કન્યાઓની સંખ્યા ૧૬૨ હતી અને તેઓના પ્રાપ્તાંકોની સરાસરી અને પ્રમાણવિચલન અનુક્રમે ૫૫.૪૩ અને ૧૬.૭૫ મળ્યા હતા.

જ્યારે દસમા ધોરણના કુમારો અને કન્યાઓની સંસ્કૃત વિષયની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચેના તફાવતી સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય ૨.૫૨ મળ્યું હતું.

આમ ઉત્કલ્પનાની ચકાસણીના અંતે પ્રાપ્ત થયેલા ટી–ગુણોત્તરની કિંમત ટેબલ કિંમત ૨.૫૮ કરતા ઓછી હતી તેથી ૦.૦૫ કક્ષાએ સાર્થક હતું. પરિણામે શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો હતો.

આમ, આ પરથી કહી શકાય કે દસમા ધોરણના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર જાતીયતાની અસર જોવા મળી હતી.

## ૧૪.૦ તારણો

પ્રસ્તુત અભ્યાસના પ્રાપ્ત તારણો નીચે પ્રમાણે હતા.

૧. દસમા ધોરણના સંસ્કૃત વિષયના વિદ્યાર્થીઓ પર જાતીયતાની અસર જોવા મળી હતી એટલે કે શૈક્ષણિક સિદ્ધિની બાબતમાં સમાન ન હતા.

## સંદર્ભસૂચિ

ઉચાટ, ડી. એ. (૨૦૧૨). **શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર.** (દ્વિતીય આવૃતિ), રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

ઉચાટ, ડી. એ. , (૧૯૮૮). **સંશોધનનું સંદોહન.** રાજકોટ : શિક્ષણ શાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

ઉચાટ, ડી. એ., (૧૯૮૯–૨૦૦૬). **સંશોધનોનો સારાંશ.** રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

ઉચાટ, ડી. એ., (૧૯૮૮). **સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો ?** રાજકોટ : નિજ્જિન સાયકો સેન્ટર.

દેસાઈ, હ. ગુ. અને દેસાઈ, કૃ. ગો. (૧૯૯૨). **સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ** (૫ મી આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

દોંગા, એન. એસ. (૨૦૧૨). **અધ્યાપન મનોવિજ્ઞાનમાં નવી દિશાઓ, વિકાસ, શિક્ષણ પ્રક્રિયા અને માહિતી ટેક્નોલોજી.** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.